# સ્પાઈસ મની ગ્રામીણ એક કરોડ ઉદ્યોગ સાહસિકને સક્ષમ બનાવશે

મુંબઈ| ગ્રામીણ ફિનટેક સ્પાઈસ મનીએ ઝીરો ઈન્વેસ્ટમેન્ટ એન્ટ્રી પ્રોગ્રામ શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને નિ:શુલ્ક નેટવર્કમાં સામેલ થવાની સુવિધા આપશે. સ્પાઈસ મનીના દેશભરમાં 1 કરોડ ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને ડિજિટલી અને નાણાકીય એમ બંને રીતે સક્ષમ બનાવવાના તેમજ અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કંપનીની ડિજિટલ પેમેન્ટને મજબૂત બનાવવાના વિઝનને સાકાર કરવામાં મર્યાદિત સમયગાળો ધરાવતો ઝીરો-ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ દિશા આપશે. તાજેતરમાં યુનિયન બજેટ દરમિયાન નાણાં મંત્રીએ સરકારના ડિજિટલ પેમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાના ઉદ્દેશ વિશે જણાવ્યું હતું.